**સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૯**

**આંક –૫૧**

| સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૯ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 08 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | દલસુગજી ધર્મુજી વાઘેલા | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 8140248673 |
| ઉંમર આશરે | ૩૭ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | ભડથ તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી બી કંસારા |

(૧) હું ખેતી કરુ છુ અને મારી ખેતીની જમીન ભડથ ગામની નદીની સીમમાં આવેલ છે અને તેની બાજુમાં મારા કુટુંબી ભાઈઓ ભવાનસિંગ, મનુભા, અજુભા જેણભા વિગેરેના ખેતરો આવેલા છે. હું છ ધોરણ સુધી ભણેલો છું. અમારા ખેતરની નજીકમાં વીસ થી પચ્ચીસ વિઘા જેટલી ગૌચરની જમીન આવેલી છે. ત્યાં આવેલ રસ્તો પડતર જગ્યામાંથી પસાર થાય છે. જે ગામની સીમમાં તથા અમારા ખેતર તરફ જાય છે. આ ગૌચરની જગ્યા ઉપર મદારસિંહ પરમાજી, મકુજી જેસાજી, નાનસિંગજી મદારસિંગ, રાવતજી જેસાજી વિગેરેનો કબજો આવેલો છે અને ત્યાં મગફળીનું વાવેતર હતું. જે અંગેની રજુઆત બનાવ બન્યા બાદ અમોએ રૂરલ પો.સ્ટે.માં જાણ કરેલી હતી. ત્યારે પોલીસના માણસો આવેલા સૌપક્ષકારોને પોતપોતાની જગ્યામાં રહો તેવી સુચના આપેલી અને પોલીસે એવુ પણ કહેલુ કે અમો ગૌચરની જગ્યા ખાલી કરાવીશુ તમે ઝઘડા કરશો નહી.

(૨) બનાવ સને ૨૦૧૯ના વર્ષના અરસામાં બનેલો ચોકકસ તારીખ

સાહેદની સહી............................

મને યાદ નથી. બનાવ બન્યો ત્યારે હું મારા ખેતરમાંથી ગામ તરફ જઈ રહયો હતો. તે વખતે નાનસિંગ મદારસિંગ, મદારસિંગ પરમાજી, મકુજી જેસાજી, રાવતજી જેસાજીને મનુભા શાંતીજી જોડે ઝઘડો ચાલતો હતો. આ ઝઘડામાં આરોપીઓ મનુભાને મા બેન સામી ગાળો બોલી રહયા હતા અને મે જોયેલ તો મનુભાને કપાળમાંથી લોહી આવતુ હતુ અને મે મનુભાને પુછયુ તો મનુભાએ જણાવેલ કે નાનસિંહ મદારસિંહે કપાળના ભાગે કુહાડી મારેલી. આ ઝઘડાનું કારણ એ હતુ કે ગૌચરની જગ્યામાં નાનસિંગ મદારસિંગ ઝાટકા મશીન મુકેલ હતુ જેના કારણે મનુભાનો ભત્રીજો અજુભા જેણભા તે સમયે સાડા બાર વાગ્યા સુમારે ગામમાંથી સામાન લઈને ખેતર તરફ આવતા હતા તે સમયે તેને આ ઝાટકા મશીનનો કરંટ લાગતા તે પડી ગયેલ હતો. આ હકીકત મનુભાએ મને જણાવેલ હતી. મે ફરીયાદી તથા આરોપીઓ વચ્ચેનો હોબાળો(ઝઘડો) નજરે જોયેલ હતો. મનુભા શાંતુજીને વાગવાથી ડીસા સરકારી હોસ્પિટલમાં લાવેલ હતા અને આ બનાવ અંગેની ડીસા રૂરલ પો.સ્ટે.માં જાણ કરેલી. પોલીસે બનાવ અંગે મારી પુછપરછ કરેલી. આરોપીઓને હું ઓળખુ છુ, જે આજરોજ અદાલતમાં આવેલ છે.

**સરતપાસ પુરી.**

**<u>આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.આર.વી.સોલંકી..</u>**

( ૧ ) એ વાત ખરી નથી કે હુ ભડથ ગામમાં રહું છું. એ વાત ખરી છે કે મારુ રહેણાંકનું મકાન ભડથ ગામમાં આવેલ છે. એ વાત ખરી છે કે મારા ખેતરે જવા માટે ફરીને જવા માટેનો રસ્તો આવેલો છે. એ વાત ખરી છે કે અમારા ખેતર નીચાણવાળા ભાગમાં આવેલા છે. એ વાત ખરી છે કે આરોપીઓની જગ્યા ૨૦ થી ૨૫ ફૂટ અમારા ખેતરથી ઉંચી છે.

સાહેદની સહી............................

સવાલ: સર્વે નં.પ૬૧વાળી જગ્યા એ વિનુભાની છે, જેમાં મગફળીનું વાવેત ર કરેલ હતું?

જવાબ: અમારા ખેતરને અડીને ઉપરની જગ્યા ગૌચરની જગ્યા છે. ત્યાં થઈને અમારો રસ્તો પસાર થતો હતો.

એ વાત ખરી છે કે જે જગ્યામાં મગફળીનું વાવેતર કરેલુ તેની પૂર્વની જગ્યાએ ખરાબો છે. એ વાત ખરી છે કે આ વિનુભાની જગ્યા ખાલી કરવા માટે સરકારમાં પણ અરજી કરેલી. એ વાત ખરી છે કે સરકારકે આ જગ્યા ખાલી કરાવેલી નથી. એ વાત ખરી છે કે આ જગ્યા વિનુભાની માલીકીની હોય જેથી સરકારે ખાલી કરાવેલ નથી. એ વાત ખરી છે કે સદરહું બનાવ વખતે સીમેન્ટના થાંભલા નાંખી ફેન્સીવાડ બનાવેલી હતી. એ વાત ખરી નથી કે તે વખતે સીમેન્ટના પતરાવાળી ઓરડી બનાવેલી હતી. એ વાત ખરી છે કે આરોપીઓના બોરથી કુવારા કરી પિયત થતુ હતું. એ વાત ખરી છે કે મે જણાવેલ સરતપાસમાં હકીકત '' આ ઝઘડામાં આરોપીઓ મનુભાને મા બેન સામી ગાળો બોલી રહયા હતા અને મે જોયેલ તો મનુભાને કપાળમાંથી લોહી આવતુ હતુ અને મે મનુભાને પુછયુ તો મનુભાએ જણાવેલ કે નાનસિંહ મદારસિંહે કપાળના ભાગે કુહાડી મારેલી. આ ઝઘડાનું કારણ એ હતુ કે ગૌચરની જગ્યામાં નાનસિંગ મદારસિંગ ઝાટકા મશીન મુકેલ હતુ જેના કારણે મનુભાનો ભત્રીજો અજુભા જેણભા તે સમયે સાડા બાર વાગ્યા સુમારે ગામમાંથી સામાન લઈને ખેતર તરફ આવતા હતા તે સમયે તેને આ ઝાટકા મશીનનો કરંટ લાગતા તે પડી ગયેલ હતો. '' એવી હકીકત પોલીસના જવાબમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે તે વખતે પ્રહલાદસિંગ, ભવાનસિંગ વિગેરે જમીન ખાલી કરાવાનુ કહેતા

સાહેદની સહી..............................

જમીન ખાલી ન કરતા ઓરડીના પતરા તોડી નાંખેલા અને પિયતના ફુવારા તોડી નાંખેલ અને ઉભેલ પાકને નુકશાન કરેલું. એ વાત ખરી છે કે મનુભા શાંતુજી મારે કુટુંબીભાઈ થાય છે. એ વાત ખરી નથી કે મનુભાએ તે વખતે કહેલુ કે સીમેન્ટનું પતરુ વાગેલું. એ વાત ખરી છે કે આજુબાજુ બીજા ઘણા બધા ખેડુતોના ખેતરો આવેલા છે. એ વાત ખરી છે કે તપાસ કરનાર અધિકારી મારો જવાબ લીધેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોલીસે મારો જવાબ લીધેલો. એ વાત ખરી છે કે પોલીસે મારુ નામ ઠામ અને ધંધાનું પુછેલુ તે સિવાય બીજું કંઈ પુછેલ નહી.

**વિશેષ ઉલટતપાસ નથી,**
**ફેર ઉલટતપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૮/૦૧/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>૬ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................